IT સેલ

નોં. ક. 12125
શાખા 06 SEP 2022

નોન ગ્રાન્ટેડ સ્ટેટસ સમયના ઉચ્ચતર માધ્યમિક શાળાના સ્ટાફ પ્રોફાઈલ અને ઉચ્ચતર માધ્યમિકની ટાટ (TAT)પરીક્ષા પાસ હોય તેવા શિક્ષકોની સેવાઓ વિનિયમિત કરવા બાબતે વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ અંગે સ્પષ્ટતા બહાર પાડવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૧૫-૧૩૩-ગ.૧ (પાર્ટ ફાઈલ)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૨/૦૯/૨૦૨૨

સંદર્ભ:-

1. શિક્ષણ વિભાગના તારીખ ૧૧-૦૨-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૧૦૯/૧૯૦૬/ગ.
2. શિક્ષણ વિભાગનો તારીખ ૨૭-૦૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : મશબ-૧૨૧૦-૩૦૭૦-છ.
3. નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૦૧-૦૯-૨૦૧૭નો પત્ર ક્રમાંક : ઉમબ/ઉમા.૨/વિનિયમિત/ ૨૦૧૭/૫૬૮૮.
4. શિક્ષણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૪/૧૦/૨૦૧૭નો ઠરાવ.

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના વિભાગના તારીખ ૨૭-૪-૨૦૧૧ના ઠરાવથી જ્યાં ફક્ત ધોરણ ૯ અને ૧૦ ની અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક શાળા આવેલી હોય તેવી શાળાઓને સળંગ એકમ યોજના હેઠળ ધોરણ ૧૧ નો અનુદાનિત (ગ્રાન્ટેડ) ક્રમિક વર્ગ વધારો અને ત્યારબાદ ધોરણ ૧૨ નો અનુદાનિત (ગ્રાન્ટેડ) ક્રમિક વર્ગ વધારો એમ અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિકના વર્ગો મંજુર કરવાનું નિયત કરવામાં આવેલ. આમ, જ્યાં ફક્ત માધ્યમિક અનુદાનિત શાળા અસ્તિત્વમાં હતી ત્યાં સળંગ એકમ કરી ધોરણ ૯ થી ૧૨ ની અનુદાનિત શાળા શરૂ કરવાની જોગવાઇ કરવામાં આવી.

આ યોજના મુજબ ધોરણ ૯ અને ૧૦ ની જે અનુદાનિત માધ્યમિક શાળામાં ધોરણ ૧૧ અને ૧૨ ના અનુદાનિત (ગ્રાન્ટેડ) વર્ગવધારા આપવામાં આવે તેવી શાળાઓના ધોરણ

06/09/2022

૧૧ અને ૧૨ ના બિન અનુદાનિત (નોન ગ્રાંટેડ) વર્ગોને અનુદાનિત (ગ્રાન્ટેડ) વર્ગોમાં ફેરવવામાં આવતા નથી પરંતુ ધોરણ ૧૧ અને ધો. ૧૨ ના અનુદાનિત (ગ્રાન્ટેડ) વર્ગ વધારા મંજુર કરવામાં આવે છે. આવા બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) વર્ગો જે તે સમયે શરૂ કરવામાં આવ્યા હોય તે સમયે શાળા મંડળ દ્વારા બિન અનુદાનિત (નોન ગ્રાંટેડ) સ્ટેટસ દરમ્યાન સરકારશ્રીના ધારાધોરણ મુજબ સ્ટાફ પ્રોફાઇલ પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજુરી મેળવીને ધોરણ ૧૧-૧૨ માં શિક્ષકોની ભરતી કરવામાં આવેલ.

વિભાગના તારીખ ૧૧/૨/૨૦૧૧ના જાહેરનામા અન્વયે ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત ભરતી પસંદગીથી શિક્ષકોની પસંદગી પ્રક્રિયા હાલ અમલી છે. જેના થકી યોગ્યતા અને નિયત લાયકાત અને જરૂરી પાત્રતા ધરાવતા ઉમેદવારોને નિયત કરેલ ભરતી પ્રકીયાના આધારે પારદર્શક રીતે અને ગુણવત્તાના આધારે (મેરીટ મુજબ) ગ્રાન્ટેડ શાળાની પસંદગી ભરતી સમિતિ દ્વારા આપવામાં આવે છે અને મંડળને ભલામણ કરવામાં આવે છે અને જે તે મંડળ દ્વારા તેમને નિમણુક આપવામાં આવે છે.

નોન ગ્રાન્ટેડ સ્ટેટસ સમયે નિમણુક મેળવેલ ઉચ્ચતર માધ્યમિક શાળાના વિવિધ અરજદારો દ્વારા પીટીશનો દાખલ કરી નામદાર હાઇકોર્ટ સમક્ષ દાદ માંગવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૪) સામેના વિભાગના તારીખ ૨૪-૧૦-૨૦૧૭ના ઠરાવથી વિભાગના તારીખ ૨૭-૦૪-૨૦૧૧ ઠરાવના સળંગ એકમ યોજના હેઠળ જે શાળાઓને ગ્રાન્ટેડ વર્ગ વધારા મંજૂર કરવામાં આવેલ હોય તેવી શાળાઓમાં સતત નોકરીમાં ચાલુ હોય,સ્ટાફ પ્રોફાઈલ ધરાવતા હોય, અને ઉચ્ચતર માધ્યમિકની ટાટ (TAT) પરીક્ષા પાસ કરેલ હોય તેવા નોન ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાના કુલ -૧૭૮ શિક્ષકોની નિમણૂંકને ઠરાવની તારીખથી પૂર્વદ્રષ્ટાંત ન ગણવાની શરતે ખાસ કિસ્સામાં વિનિયમિત કરવામાં આવેલ છે.

વિભાગનો તારીખ ૨૪-૧૦-૨૦૧૭ નો ઠરાવ પ્રસિદ્ધ થયા બાદ શિક્ષકો દ્વારા સમયાંતરે નીચે મુજબની રજુઆતો સરકારને કરેલ છે.

(૧) જે તે સમયે જિલ્લા કચેરી કક્ષાએથી ઉપર જણાવ્યા મુજબની તમામ જોગવાઇઓ સંતોષતા હોવા છતાં શિક્ષકોની દરખાસ્ત સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ મોકલી આપેલ ન હતી તેવા શિક્ષકોની સેવાઓ વિનિયમિત કરવી.

(૨) સ્ટાફ પ્રોફાઇલ પર જિલ્લા કચેરી તથા શાળાના જાવક નંબર ન હોવાથી વિચારણા કરી શકાયેલ નથી. તેવા શિક્ષકોની સેવાઓ વિનિયમિત કરવા અંગે વિચારણા કરવી,

(3) તારીખ ૨૪-૧૦-૨૦૧૭ પછી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની ટાટ પરીક્ષા પાસ કરી હોય તેવા શિક્ષકોની સેવાઓને વિનિયમિત કરવી.

નોન ગ્રાન્ટેડ સ્ટેટસ દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિમણૂંક કરાયેલ શિક્ષકોની સેવાઓને વિનિયમિત કરવા અંગે પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધેલ ક્રમાંક (૪) સામેના વિભાગના તારીખ ૨૪-૧૦-૨૦૧૭ ના ઠરાવમાં જાવક નંબર "ન" હોવાના કારણોસર ઘણા શિક્ષકોને વિનિયમિત કરવામાં આવેલ ન હતા. જેથી આવા શિક્ષકો દ્વારા નામદાર હાઇકોર્ટ સમક્ષ દાદ માંગવામાં આવેલ છે. સ્ટાફ પ્રોફાઇલમાં જાવક નંબર (outward Number) ન હોવાની બાબતે સ્પષ્ટતા નીચે દર્શાવ્યા મુજબની છે;

- કોઇપણ સરકારી કચેરી માટે કચેરીની બહાર જતા/આવતાં સરકારી કાગળો માટે જાવક નંબર/આવક નંબર હોવો અનિવાર્ય છે. તેના વગર સરકારી રેકર્ડનુ સત્યાપન (Verification and Authorization) કરી શકાય નહી.
- જે તે સમયના જાવક નંબર ખોટી રીતે ઉભી કરી ખોટી સ્ટાફ પ્રોફાઇલ બનાવી સેવાઓને વિનિયમિત કરવાની બાબત સરકારના ધ્યાને આવેલ છે અને આવા કિસ્સાઓમાં ફોજદારી કાર્યવાહી કરવા પણ જણાવવામાં આવેલ છે. આમ, સ્ટાફ પ્રોફાઇલમાં જાવક નંબર હોવો આવશ્યક છે.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૫/૮/૨૦૧૦ બાદથી સ્ટાફ પ્રોફાઇલ બંધ કરવામાં આવેલ હતી. આથી જે શિક્ષકોની તા.૫/૮/૨૦૧૦ પહેલાં એટલેકે સ્ટાફ પ્રોફાઇલ અને નોન ગ્રાંટેડ સ્ટેટસ ધરાવતાં હોય તેવા શિક્ષકોની શાળાઓમાં મંડળ દ્વારા નિમણૂંક થઇ હોય તેવા શિક્ષકોની જ સેવાઓને વિનિયમિત કરવાની વિચારણા કરવાની રહે છે.

ઉપર મુજબની તમામ બાબતો ધ્યાને લેતાં વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ સંદર્ભે નીચે મુજબની જરૂરી કાર્યવાહી નિયત કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૦૫/૦૮/૨૦૧૦ બાદથી સ્ટાફ પ્રોફાઇલ બંધ કરવામાં આવેલ હતી. આથી જે શિક્ષકોની તા.૦૫/૦૮/૨૦૧૦ પહેલાં એટલેકે સ્ટાફ પ્રોફાઇલ ધરાવતાં હોય તેવા જ શિક્ષકોની નોન ગ્રાંટેડ સ્ટેટસ દરમિયાન નિમણૂંક થઇ હોય તેવા શિક્ષકોની જ સેવાઓને વિનિયમિત કરવાની વિચારણા વિભાગ કક્ષાએથી કરવાની રહે છે.

2) સ્ટાફ પ્રોફાઇલના દસ્તાવેજ ઉપર જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીનો જાવક નંબર "ન" હોય તેવા કિસ્સાઓમાં જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીથી જે તે સમયે સ્ટાફ પ્રોફાઇલ સાચી બનેલ છે તેના સમર્થનમાં શાળા મંડળ અને અરજદાર પાસેના તથા સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીમાં ઉપલબ્ધ અન્ય તમામ આધારો સાથે ખરાઇ કરી, તેની ચકાસણી કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી નિયત ચેક-લીસ્ટ અને નિયત પ્રમાણપત્ર [ સદર નિયત ચેકલીસ્ટ અને નિયત પ્રમાણપત્ર કમિશનરશ્રી શાળાની કચેરી, ગાંધીનગર દ્વારા તૈયાર કરવાનું રહેશે.] મેળવી તમામ જોગવાઇઓ પરીપુર્ણ કરતા હોય તેવા કિસ્સાઓમાં પ્રસ્તુત ઠરાવ પ્રસિદ્ધ થયેથી ૦૪(ચાર)માસ સુધીમાં કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગર મારફતે દરખાસ્ત કરશે; સદર દરખાસ્ત માટે જરૂરી આધાર-પુરાવા અને રેકર્ડ, નિયત ચેક લિસ્ટ અને પ્રમાણપત્ર કમિશનરશ્રી શાળાની કચેરી, ગાંધીનગર તેમના સ્પષ્ટ અભિપ્રાય સાથે સરકારશ્રી કક્ષાએથી દરખાસ્ત દ્વારા વિચારણા માટે રજૂ કરશે. પ્રસ્તુત ઠરાવ પ્રસિદ્ધ થયા પછીના ૪ (ચાર) માસના સમયગાળા પછી મળેલ દરખાસ્ત સ્વીકારવાપાત્ર બનશે નહીં.

3) પ્રસ્તુત બાબત સંદર્ભમાં વિચારણાધીન કર્મચારીઓની સેવાઓ નિયમિત કરવા સંબંધમાં, તેઓ પાસેથી મેળવવાના થતા સંમતિપત્રક તથા બાંહેધરી એફિડેવિટ સ્વરૂપે મેળવવાના રહેશે.

4) સદરહુ પ્રસ્તુત તારીખ ૨૪-૧૦-૨૦૧૭ના વિભાગના ઠરાવ થી પ્રસ્તુત ઠરાવ પ્રસિધ્ધ થાય ત્યાં સુધીના વચ્ચેના સમયગાળા દરમિયાન માન્ય ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની ટાટ(TAT) પરીક્ષા [વિવિધ સમયે રાજ્યની શિક્ષણની પ્રાથમિકતાને ધ્યાને લઇ જાહેર હિતને ધ્યાનમાં લઇને વિવિધ તજજ્ઞ સમિતિ દ્વારા સૂચવેલ વિષયો પરત્વેના TAT વિષયો કે જે વિભાગ દ્વારા માન્ય છે] પાસ કરી હોય તેવા કિસ્સામાં તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવની તમામ જોગવાઇઓ પરીપુર્ણ કરતા હોય તેવા શિક્ષકોની સેવાઓને વિનિયમિત કરવાના કિસ્સામાં આ સૂચનાઓ પ્રસિધ્ધ થયા બાદ ૪ (ચાર) માસની મર્યાદામાં સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી નિયત ચેક-લીસ્ટ અને નિયત પ્રમાણપત્ર [સદર નિયત ચેકલીસ્ટ અને નિયત પ્રમાણપત્ર કમિશનરશ્રી શાળાની કચેરી, ગાંધીનગર દ્વારા તૈયાર કરવાનું રહેશે.] મેળવી તમામ જોગવાઇઓ પરીપુર્ણ કરતા હોય તેવા કિસ્સાઓમાં પ્રસ્તુત ઠરાવ પ્રસિદ્ધ થયેથી ૦૪(ચાર)માસ સુધીમાં કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગર મારફતે વિભાગને દરખાસ્ત કરશે; સદર દરખાસ્ત માટે જરૂરી આધાર-પુરાવા અને રેકર્ડ, નિયત ચેક લિસ્ટ અને પ્રમાણપત્ર કમિશનરશ્રી શાળાની કચેરી, ગાંધીનગર તેમના સ્પષ્ટ અભિપ્રાય સાથે સરકારશ્રી કક્ષાએથી દરખાસ્ત દ્વારા વિચારણા માટે રજૂ કરશે. પ્રસ્તુત ઠરાવ પ્રસિદ્ધ થયાના ૪(ચાર) માસના સમયગાળા પછી મળેલ દરખાસ્ત સ્વીકારવાપાત્ર બનશે નહીં

5) નામદાર હાઇકોર્ટમાં સદર ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખ પહેલાના હાલમાં પેન્ડીંગ તમામ કોર્ટકેસોમાં યોગ્ય વિચારણા કરી, તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ અને સદર ઠરાવની જોગવાઇઓના

આપેલ ન હતી તેવા શિક્ષકોની સેવાઓ વિનિયમિત કરવા બાબતે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીને દરખાસ્ત કરવાની રહેશે. સદર રજુઆતો મેળવીને જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કક્ષાએથી નિયમાનુસારની ચકાસણી કરી નિયામકશ્રી શાળાઓની કચેરીએ સદર રજૂઆતોની નિયમાનુસારની ચકાસણી કરીને; સંબંધિત દરખાસ્તો પ્રવર્તમાન તમામ જોગવાઇઓ પરીપુર્ણ કરતી હોય તે સંપૂર્ણ રેકર્ડની ચકાસણી કરીને તેવા કિસ્સાઓમાં સ્પષ્ટ અભિપ્રાય સાથે સરકારશ્રી કક્ષાએ વિચારણા માટે રજૂ કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઇલ પર સરકારશ્રી કક્ષાએ મળેલ સંમતિ અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી. એમ. પઠાણ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(નાણા)ના અંગતસચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, અ.મુ.સ.શ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફતે)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી,તમામ (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેકશન અધિકારીશ્રી,ગ- શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીસ્ટમ મનેજરશ્રી, શિક્ષણ વિભાગ, ઠરાવ વિભાગની વેબ-સાઈટ અપલોડ કરવા માટે
- નાયબ સેકશન અધિકારી સિલક્ટ ફાઈલ – ૨૦૨૨/સિલેક્ટ ફાઈલ – ૨૦૨૨